**લઘુમતી શાળાઓને ટીચર્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ (TAT) લાગુ પાડી શકાશે નહિ**

શિક્ષણ વિભાગ, પત્રક્રમાંક : બમશ-1113-સી.સી.-26-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 09-01-2014

પ્રતિ,
કમિશનરશ્રી, શાળાઓ
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં. 9/1, ડૉ. જી. મ. ભવન,
ગાંધીનગર

વિષય : સ્પે. સી.એ. નં. 12875/2013 ગુજરાત માયનોરિટી સ્કૂલ એસોસિએશન વિરુદ્ધ ગુજરાત સરકાર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ 40-એ ની વૈધાનિક જોગવાઇ મુજબ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓને સેકશન-17નો કલોઝ (26) અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધાર્મિક, ભાષાકીય, લઘુમતી શાળામાં હેડમાસ્તર, શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી, બઢતી, નોકરીમાંથી છૂટા કરવાના નીતિ-નિયમો અને શિસ્ત નિયમો લાગુ કરી શકતું નથી. જે અન્વયે લઘુમતી શાળાઓને ટીચર્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ (TAT) તેમને લાગુ પાડી શકાય નહિ તે અંગે દાદ માંગતી સ્પે. સી.એ. નં. 12875/2013 લઘુમતી શાળાઓએ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ, જે અન્વયે નામદાર હાઇકોર્ટ દ્વારા તા. 04-10-2013 ના રોજ લઘુમતી શાળાઓને ટિચર્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ (TAT) લાગુ પાડી ન શકાય તે અંગે ચુકાદો આપેલ છે. જે અન્વયે આ ચુકાદાની જોગવાઇ મુજબ લઘુમતી શાળાઓને શિક્ષકો / નોન-ટીચિંગ સ્ટાફની ભરતીમાં ના-વાંધા પ્રમાણપત્ર આપવાનું રહે છે. પરંતુ રાજ્યના કેટલાક જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા શિક્ષકોની ભરતી માટે ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નહિ હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. આથી સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓને નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પે. સી.એ. નં. 12875/2013 ના તા. 04-10-2013 ના ચુકાદાને આધીન શરતી "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે. અને તેની જાણ આ વિભાગને કરવા વિનંતી છે.

સહી, એન. ડી. હળપતિ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

* * *